ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૫૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 52 • Dt.23-09-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

23
SEPTEMBER- 2025
TUESDAY




P.07

હિમાચલના રાજકુમારને તેમના લગ્ન બદલ અભિનંદન : કંગના



P.07

તૃપ્તિ ડિમરીના ઘરે એક નવો મહેમાન આવ્યો છે, અભિનેત્રીએ સુંદર ફોટો શેર કર્યો છે

ઇઝરાયલી દળોએ ગાઝા પર ફરી એક હવાઈ હુમલો કર્યો । ૧૪ પેલેસ્ટિનિયનોના મોત થયા



07



07

યુએસ-ઈઝરાયેલને મોટો ઝટકો હવે યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયાએ આપી ફલિસ્તીન સ્વતંત્ર દેશની માન્યતા

**જય મહાકાળીના જય ઘોષથી ગુંજ્યુ મંદિર પરિસર**

## લાખોની સંખ્યામાં ભક્તોએ માતાજીના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનૂભવી હતી

# પ્રથમ નોરતે પાવાગઢમાં ઉમટ્યું માઈભક્તોનુ ઘોડાપુર

**જાહેર રજાના દિવસોમાં ભક્તો મોટી ભીડ પાવાગઢનો વિકાસ અને મંદિર પરિસરના આધ્યાત્મિક નિર્માણ થયા પછી દેશના પ્રધાનમંત્રી દ્વારા ઐતિહાસિક ધ્વાજરોહણ બાદ યાત્રાળુઓનો ઘસારો ઉત્તરોતર વધી રહ્યો છે**

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૨ ।

પંચમહાલ જિલ્લામા આવેલા શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રીના પ્રથમ નોરતે માઈભક્તોનું મહેરામણ ઉમટ્યું હતું. લાખોની સંખ્યામાં ભક્તોએ માતાજીના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનૂભવી હતી. ૫૧ શક્તિપીઠ પૈકીના એક શક્તિપીઠ એટલે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલા પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની શ્રી મહાકાળી માતાજીનું મંદિર.આ યાત્રાધામ ખાતે માતાજીના ભક્તો વર્ષ દરમિયાન લાખોની સંખ્યામાં આવતા હોય છે. તેમાં પણ ખાસ કરીને ચૈત્રી નવરાત્રી,આસો નવરાત્રી, તેમજ આઠમ, પૂનમનું અનેરું મહત્વ હોય છે. જાહેર રજાના દિવસોમાં ભક્તો મોટી ભીડ પાવાગઢનો વિકાસ અને મંદિર પરિસરના આધ્યાત્મિક નિર્માણ થયા પછી દેશના પ્રધાનમંત્રી દ્વારા ઐતિહાસિક ધ્વાજરોહણ બાદ યાત્રાળુઓનો ઘસારો ઉત્તરોતર વધી રહ્યો છે. તેમાં પણ આજથી શરુ થયેલી આસો નવરાત્રીના પ્રથમ નોરતે માતાજીના દર્શનાર્થે ભક્તો ઉમટી પડ્યા હતા.નવરાત્રી પર્વને લઈને માઈ ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે રવિવારની રાતથી જ મોટી સંખ્યામાં પાવાગઢને જોડતા તમામ માર્ગો પર લોકોનો જનસૈલાબ જોવા મળ્યો હતો. ચારે કોર પગપાળા યાત્રાળુઓના કારણે જય માતાજીના ભારે જયઘોષ સંભળાતા હતા.







શક્તિ ઉપાસનાના પવિત્ર પર્વ આસો નવરાત્રીનો એટલે શરદીય નવરાત્રીનો પ્રારંભ થયો છે. આ વર્ષે ૨૨ની સપ્ટેમ્બર આજથી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે, જો કે આ વર્ષે નવને બદલે દસ નોરતા છે. નવરાત્રીના પહેલા દિવસનું ખૂબ જ વિશેષ મહત્વ રહેલું છે, પહેલા દિવસે ઘટ સ્થાપનની વિધિ કરવામાં આવે છે. નોરતાને નવ દિવસ સુધીના દિવ્ય અનુષ્ઠાન માનવામાં આવે છે અને આ અનુષ્ઠાન માટે ઘટ એટલે કે કળશની સ્થાપના કરવામાં આવે છે. જેને શાંતિ કળશ પણ કહેવામાં આવે છે. આધુનિક સમયમાં માના ભક્તો ગરબા થકી પોતાની ભક્તિ અને હેતને રજૂ કરે છે.અમદાવાદે ગ્લોબલ ઓળખ ઉભી કરી છે. અમદાવાદીઓ પણ ભદ્રકાળી માતાજીની ભક્તિનો અવસર ક્યારેય ચૂક્યા નથી, જે આસો નવરાત્રી પર્વ દરમિયાન પૂજા, દર્શન, હવન, અને ગરબા થકી ઋણ અદા કરે છે.આજ સવારથી જ ભદ્રકાળી માતાના મંદિરે માઇ ભક્તોની ભીડ જોવા મળી હતી.અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલા ખોડિયાર મંદિર સહિતના માઇ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ ઉમટી હતી અને માતાના આર્શિવાદ લીધા હતાં


વીજળીના બિલને કરો 0

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## હાથમાં તલવાર લઈ રિલ બનાવી ઇન્સ્ટાગ્રામ પર અપલોડ કરનાર વડોદરાના યુવક સામે ગુનો દાખલ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૨ ।

વડોદરાના કિશનવાડીમાં હાથમાં તલવાર લઈને કોઈ પીણું પીતો હોવાનો વિડિયો બાપોદની ધનલક્ષ્મી સોસાયટીમાં રહેતા સુનિલભાઈ ઉર્ફે નીતિન શિવ મંગલસિંહ રાજપૂતે બનાવ્યો હતો.જે વિડિયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થતાં પોલીસે સુનિલને પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તારીખ ૨૨-૬-૨૦૨૨ ના રોજ કિશનવાડી વુડાના મકાન વારસિયા ખાતે મારા શોખ માટે તલવારથી રિલ બનાવી હતી અને આ બનાવનો વિડીયો મેં મારા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કર્યો હતો. વીડિયોમાં દેખાતી તલવાર પોતાના ઘરે હોવાનું જણાવતા પોલીસે તેના ઘરેથી તલવાર કબજે લીધી હતી.

## બનાસકાંઠા બાદ હવે મહેસાણામાં પણ લકી ડ્રોના ગોરખધંધાનો પર્દાફાશ

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૨ ।

મહેસાણાના શંખલપુર ગામમાં ઈનામી ડ્રોના નામે ઠગાઈનો પર્દાફાશ થયો છે, જેમાં ૬ શખ્સ ઝડપાયા છે. આરોપીઓ "હર હર મહાદેવ એન્ટરપ્રાઈઝ" નામની કૂપન આપતા અને લોકોને લોભામણી લાલચ આપી સ્કેચ કરવાના બહાને ઠગાઈ કરતા હતા. ઈનામી ડ્રો કૂપનથી લોભામણી જાહેરાત કરતા આ શખ્સોની જાણ પોલીસને થઈ અને તેમની ક્રિયા પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવી. પોલીસે તેમના ખેલની તપાસ હાથ ધરતાં એક બલેનો કાર અને ૭,૭૦૦ રોકડા જપ્ત કર્યા, તેમજ ૬૦ નંગ ઈનામી ડ્રો કૂપન પણ ઝડપી પાડી છે.હાલ બહુચરાજી પોલીસે ધવલસિંહ ઝાલા, જયદીપસિંહ દરબાર, વિજયજી ઠાકોર, ચેતનજી ઠાકોર, મેહુલ નાયક, મહેન્દ્રકુમાર દરબારને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### વિજાપુરની શંકાસ્પદ પનીર ફેક્ટરી પર મોટો ખુલાસો

# વિજાપુર તાલુકામાં એક ફેક્ટરીના પનીરના નમૂના લેબોરેટરી ટેસ્ટમાં ફેલ

### મહેસાણા ફૂડ વિભાગે દરોડો પાડીને મોટાપાયે ચાલતા શંકાસ્પદ ડુપ્લીકેટ પનીરના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો

। પ્રતિનિધિ, મહેસાણા,તા.૨૨ ।

વિજાપુર તાલુકામાં આવેલા એક શંકાસ્પદ પનીર બનાવતા યુનિટ પર એક માસ પહેલા મહેસાણા ફૂડ વિભાગે દરોડો પાડીને મોટાપાયે ચાલતા શંકાસ્પદ ડુપ્લીકેટ પનીરના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ફૂડ વિભાગની આ કડક કાર્યવાહી બાદ નકલી ખાદ્ય પદાર્થો બનાવતા માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ કેસમાં પનીરના નમૂના લેબોરેટરી ટેસ્ટમાં ફેલ સાબિત થયા છે અને ફેક્ટરી સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મહેસાણા ફૂડ વિભાગને વિજાપુરના એક ગોડાઉનમાં શંકાસ્પદ પનીરનું ઉત્પાદન થતું હોવાની ગુપ્ત માહિતી મળી હતી. આ માહિતીના આધારે, ફૂડ વિભાગની ટીમે ગત મહિને તાત્કાલિક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન, ટીમને મોટા પ્રમાણમાં પનીર અને તેના ઉત્પાદન માટે વપરાતા શંકાસ્પદ પદાર્થો મળી આવ્યા હતા. ફૂડ વિભાગના અધિકારીઓએ સ્થળ પરથી પનીરના નમૂના લીધા હતા અને તેમને વધુ વૈજ્ઞાનિક પરીક્ષણ માટે ગાંધીનગર ખાતેની સરકારી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.લેબોરેટરી ટેસ્ટના પરિણામોએ ચોંકાવનારા ખુલાસા કર્યા. પરીક્ષણમાં બહાર આવ્યું કે પનીરના નમૂનામાં દૂધના ફેટને બદલે વનસ્પતિ ફેટ (વેજ ફેટ)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ટેસ્ટ રિપોર્ટ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ પનીર ભેળસેળયુક્ત અને ખાદ્ય સુરક્ષાના માપદંડોનું ઉલ્લંઘન કરતું હતું. વનસ્પતિ ફેટનો ઉપયોગ કરવાથી પનીરનું ઉત્પાદન સસ્તું પડે છે અને વેચાણકર્તાઓ મોટો નફો કમાય છે, પરંતુ તે ગ્રાહકોના આરોગ્ય માટે અત્યંત હાનિકારક સાબિત થઈ શકે છે.લેબોરેટરી રિપોર્ટના આધારે, મહેસાણા ફૂડ વિભાગે ફેક્ટરી સંચાલક સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. આ મામલો હવે અધિક કલેક્ટરની કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જ્યાં આ કેસ ચલાવવામાં આવશે. કાયદાકીય જોગવાઈઓ અનુસાર, ફેક્ટરી સંચાલકને અંદાજે ૧૦ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવી શકે છે. આ દંડ ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોના ઉત્પાદન બદલ કડક સજાની જોગવાઈનો ભાગ છે.આ ઉપરાંત, મહેસાણા ફૂડ વિભાગે આ પનીર ફેક્ટરીનું લાયસન્સ કાયમી ધોરણે રદ કરી દીધું છે. આ પગલું ભવિષ્યમાં આવા ગેરકાયદેસર ઉત્પાદનોનું પુનરાવર્તન ન થાય તે સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે.



## નારાયણપુરમાં માઓવાદીઓ સાથે સુરક્ષા દળોની અથડામણમાં બે નક્સલીઓ માર્યા ગયા

। પ્રતિનિધિ, નારાયણપુર, તા.૨૨ ।

છત્તીસગઢના નારાયણપુર જિલ્લાના અબુઝમાડ વિસ્તારમાં આજે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ. અત્યાર સુધીમાં બે માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. એક છ્દ્ધ-૪૭ સહિત મોટી માત્રામાં શસ્ત્રો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા છે.છત્તીસગઢ-મહારાષ્ટ્ર સરહદ પર આવેલા અબુઝહમદમાં એક એક્રાઉન્ટર થયું. આજે સવારથી જ આ અથડામણ ચાલુ છે. માઓવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન માઓવાદીઓ સાથે સમયાંતરે અથડામણ ચાલુ છે.સુરક્ષા દળો અને પોલીસે અત્યાર સુધીમાં ઘટનાસ્થળેથી બે પુરુષ માઓવાદીઓના મૃતદેહ અને હથિયારો મેળવ્યા છે. માઓવાદીઓ પાસેથી એક AK-૪૭ રાઈફલ, અન્ય હથિયારો, મોટી માત્રામાં વિસ્ફોટકો, માઓવાદી સાહિત્ય, પ્રચાર સામગ્રી અને દૈનિક ઉપયોગની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. માર્યા ગયેલા માઓવાદીઓની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલુ છે. સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. ઓપરેશન પૂર્ણ થયા પછી વિગતવાર માહિતી આપવામાં આવશે છત્તીસગઢના નારાયણપુર જિલ્લાના અબુઝમાડ વિસ્તારમાં આજે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ. અત્યાર સુધીમાં બે માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.

### રાજકોટ જિલ્લા પોલીસ વડાનું ગુનેગારોને અલ્ટિમેટમ

# બે કે વધુ ગુનામાં ઝડપાયેલા સુધરી જજો, નહિ તો કડક કાર્યવાહી કરાશે : રાજકોટ પોલીસ વડા

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૨ ।

રાજકોટ જિલ્લા પોલીસ વડાનું ગુનેગારોને અલ્ટિમેટમ આપ્યું છે. બે કે તેથી વધુ ગુનામાં ઝડપાયેલા અપરાધીઓને ચેતવણી આપવામાં આવી કે, હવે જો કોઈ ગુનાખોરી આચરી તો કડક કાર્યવાહી થશે. રાજકોટમાં ૪૦૦ જેટલા ગુનેગારોને જિલ્લા પોલીસ વડાએ સંબોધન કર્યું હતું. ગોંડલના એસઆરપી ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. મહત્વનું છે કે, આજથી શારદીય નવરાત્રીનો શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લા પોલીસ એક્શનમાં આવી છે. સાથે જ ગુનાખોરી આચરતા લોકોનું એક લિસ્ટ બનાવી. જેમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા ૪૦૦ જેટલા લોકોને જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે ચેતવણી આપી અને કહ્યું છે કે, હવે જો કોઈ પ્રકારનો ગુનો આચરશે તો કડક કાર્યવાહી થશે. સાથે જ જિલ્લામાં યોજાનારા ગરબામાં પોલીસ ચાંપતી નજર રાખશે. મહિલા પોલીસ દળની સી ટીમને સીવીલ ડ્રેસમાં ડીપ્લોય કરવામાં આવશે.રાજકોટ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં બે કે વધુ ગુનામાં ઝડપાયેલ ગુનેગારોને જિલ્લા પોલીસ વડાએ અલ્ટિમેટમ આપ્યું છે. રાજકોટ જિલ્લામાં પ્રથમ વખત ગુનેગારોને સુધારવા માટે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે અનોખો અભિગમ અપનાવ્યો છે. ગોંડલ એસ.આર.પી.ગ્રાઉન્ડ ખાતે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે ગુનેગારોને સંબોધીને સુધરી જવા ચેતવણી આપી. તેઓએ દારૂ, જુગાર, ચોરી, લૂંટ, જેવા અનેક ગુનામાં બે કે વધુ વખત ઝડપાયેલા ૮૦૦ કરતા વધુ ગુનેગારોમાંથી પ્રથમ ૪૦૦ જેટલા ગુનેગારોને સંબોધન કર્યું. તેમણે ગુનેગારોને કહ્યું કે, ગુનાખોરીને લઈને પોતાના સમાજ અને પરિવાર સહિતના લોકોની બરબાદી થાય છે. ગુનેગારો સુધરશે નહિ અને વધુ ગુનો કરશે તો તેમનુ હવે નીકળશે જાહેરમાં સરઘસ નીકળશે. સાથે જ જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનના અધિકારીઓને પણ ગુનાખોરી સામે કડક પગલા ભરવાના જિલ્લા પોલીસ વડાએ આદેશ આપ્યા. જિલ્લામાં નવરાત્રિ પર્વે યોજાતા ૮૦૦ જેટલા શેરી ગરબા અને ૧૧જેટલા પ્રાઈવેટ ગરબામાં કડક બંદોબસ્ત વચ્ચે પોલીસની સી ટીમ કાર્યરત છે.




## ચૈતર વસાવાને જામીન મળ્યા, પરંતુ હાઈકોર્ટની એક શરતનું પાલન કરવું પડશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

લાંબા સમયથી જેલવાસ ભોગવી રહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને આખરે જામીન મળ્યા છે. જોકે, તેમને જામીનના એક શરતનું પાલન કરવું પડશે. ધારાસભ્ય ચૈતર વસાવા સામે ડેડિયાપાડામાં નર્મદા પ્રાંત ઓફિસમાં તોડફોડ, મારામારી અને ધમકીનો આરોપ છે. આપના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન મંજૂર થયા છે. ગુજરાત હાઈકોર્ટે શરતી જામીન મંજૂર કર્યા છે. જેમાં ચૈતર વસાવા પોતાના મત વિસ્તારમાં પ્રવેશ નહિ કરી શકે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે સત્રમાં હાજરી આપવા માટે તેમના ત્રણ દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે તેમને ૮ થી ૧૦ સપ્ટેમ્બર સુધી પોલીસ જાપ્તા સાથે જામીન મંજૂર કર્યા હતા. આ બાદ તેઓ ફરીથી વડોદરા સેન્ટ્રલ જેલમાં હાજર થયા હતા. આ રીતે ડેડિયાપાડાના ધારાસભ્ય વિધાનસભાના સત્રમાં હાજરી આપી શક્યા હતા. ગુજરાતના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા પ્રાંત કાર્યાલય ખાતે યોજાયેલી એટીવીટીની સંકલન બેઠક દરમિયાન, ધારાસભ્ય ચૈતર વસાવા અને તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવામાં ઉગ્ર બોલાચાલી થઈ હતી અને કથિત ઝઘડા બાદ મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

## લીંબડીના ધલવાણા ગામેથી બોગસ ડોક્ટર ઝડપાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૨ ।

લીંબડી તાલુકાના ઘલવાણા ગામે રહેણાંક મકાનમાં ક્લીનીક ખોલી લોકોની સારવાર તેમજ આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરને એલસોજી પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે ક્લિનીકમાંથી રૂ.૧૪ હજારથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બોગસ ડોક્ટરનો રાફડો ફાટયો હોવાની ફરિયાદ ઉઠતા એસઓજી ટીમે લીંબડી તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું.

જેમાં તાલુકના ધલવાણા ગામે બાતમીના આધારે રહેણાંક મકાનમાંથી કોઈ પણ જાતની ડિગ્રી કે તબીબી સર્ટીફીકેટ વગર લોકોની સારવાર કરી આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટર ક્રિષ્નાબાલા સંતોષબાલા (ઉ.વ.૩૭ રહે.ધલવાણા તા.લીંબડી (મુળ રહે.પશ્ચીમ બંગાળ)ને ઝડપી પાડયો હતો. દરોડા દરમ્યાન પરનાળા પીએચસી સેન્ટરના મેડીકલ ઓફીસર એચ.એન.પરીખ સહિતનાઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

જ્યારે બોગસ ડોક્ટરના અલગ-અલગ કંપનીની એલોપેથી દવા સહિત કુલ રૂા.૧૪,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ઝડપાયેલ બોગસ ડોક્ટર વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે ક્લિનીકમાંથી રૂ.૧૪ હજારથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.




### હિન્દુ ધર્મના સૌથી લાંબા તહેવાર ગણાતા નવરાત્રિનો પ્રારંભ

# ખોડલધામના મંચ ઉપર ક્યારે રાજકારણ કરવું નથી : પાટીદાર આગેવાન નરેશ પટેલ

**સતત પાંદરમાં વર્ષે નવરાત્રિના આજે પ્રથમ દિવસે ખોડલધામ દ્વારા કાગવડથી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું**

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૨ ।

હિન્દુ ધર્મના સૌથી લાંબા તહેવાર ગણાતા નવરાત્રિનો આજથી પ્રારંભ થયો છે. દર વર્ષની પરંપરા પ્રમાણે સતત પાંદરમાં વર્ષે નવરાત્રિના આજે પ્રથમ દિવસે ખોડલધામ દ્વારા કાગવડથી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં ગુજરાતભરમાંથી લેઉઆ પટેલ સમાજ ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડ્યો હતો.આ પદયાત્રા સવારે નવ વાગ્યે કાગવડ ગામથી માં ખોડલના જય જયકાર સાથે નરેશ પટેલની આગેવાનીમાં પ્રારંભ થઇ હતી. જેમાં માં ખોડલના રથની આગેવાનીમાં ગરબે રમતાં રમતાં શ્રદ્ધાળુઓ પદયાત્રામાં જોડાઈને ખોડલધામ મંદિરે પહોંચ્યા હતાં. મંદિરે પહોંચીને માં ખોડલની મહાઆરતી કરી મંદિરના શિખર પર નરેશભાઈ દ્વારા ધ્વજારોહણ કરી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.ધ્વજા રોહણ બાદ મંદિરના પરિસરમાં એક ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધર્મસભામાં પદયાત્રામાં ઉપસ્થિત લેઉઆ પટેલ સમાજના રાજકીય આગેવાનો અમરેલીના સાંસદ ભરત સુતરિયા, ધરાસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કશવાલા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળા, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા તેમજ પ્રદેશ યુવા ભાજપ અધ્યક્ષ પ્રશાંત કોરાટ વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરેશ પટેલે પોતાના સંબોધનમાં ખોડલધામમાં ક્યારેય રાજકારણ નહિ લાવવા અપીલ કરી હતી અને વર્ષ ૨૦૨૭માં ખોડલધામ મંદિરને દસ વર્ષ થતા ત્રણથી પાંચ દિવસનો દશાબ્દિ મહોત્સવ ધૂમધામ અને જોરશોરથી ઉજવણીની જાહેરાત કરી હતી.ખોડલધામમાં યોજાયેલ સભામાં નરેશ પટેલે કહ્યું હતું કે, ખોડલધામના મંચ ઉપર ક્યારે રાજકારણ કરવું નથી. વ્યવહાર આપણે ભાઈચારાનો બનાવી રાખવાનો છે. આ મંચ ઉપર ક્યારે રાજકારણ આવવા ન દેતા. ચૂંટણી તો આવશે અને જશે, મતભેદો થશે મન ભેદો ક્યારે ન કરવા નરેશ પટેલે લોકોને અપીલ કરી. તેમણે કહ્યું કે, ૨૦૧૭ પછી મોટા કાર્યક્રમો આપણે કર્યા નથી. ૨૦૨૭ માં આપણે દીસાપ્તાપદી મહોત્સવનું આયોજન કરીશું. આ કાર્યક્રમ ૩ થી ૫ દિવસ સુધીનો રાખીશું. સાથે જ આ કાર્યક્રમોમાં લોકોએ પોતાના વિચાર રજૂ કરવા.પુત્ર શિવરાજ પટેલના નિવેદન મામલે નરેશ પટેલે કહ્યું કે, પોતા પોતાના નિવેદન સૌ કરતા હોય છે, તેમાં મારો પુત્ર હોય કે મારો ભાઈ હોય, તેની સાથે સંકલન કરો. ધર્મસભામાં નરેશ પટેલે પોતાના સંબોધનમાં સૌને નવલા નોરતાની શુભકામના પાઠવી હતી અને જણાવ્યું હતું કે માતૃશક્તિનો આ પર્વ આજથી શરૂ થઈ રહ્યો છે ત્યારે ખોડલધામના સંગઠન અને એકતામાં મહિલાઓનો ફાળો સૌથી વધુ છે. માતાઓ ખોડલધામના કોઈપણ કાર્યક્રમમાં હંમેશા ખડેપગે હોય છે. ત્યારે માતાઓના આવા જ આશીર્વાદ હંમેશા વરસતા રહે તેવી આજના આ પાવન દિવસે પ્રાર્થના. આ ઉપરાંત નરેશભાઈ પટેલે એક મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આગામી તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.






### ફરી એકવાર બિનહરીફ વરણી થઇ

# પંચામૃત ડેરી ખાતે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયામાં જેઠાભાઈ ભરવાડે સતત પમી ટર્મ માટે જીત મેળવી

। પ્રતિનિધિ, પંચમહાલ,તા.૨૨ ।

મહીસાગર અને દાહોદ જિલ્લાના બે લાખથી વધુ પશુપાલકો માટે જીવાદોરી સમાન પંચામૃત ડેરીના ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડની ફરી એકવાર બિનહરીફ વરણી થઈ છે. , ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, પંચામૃત ડેરી ખાતે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયામાં જેઠાભાઈ ભરવાડે સતત પાંચમી ટર્મ માટે જીત મેળવી છે. આ વરણી તેમની લોકપ્રિયતા, અને કામગીરી પ્રત્યે પશુપાલકોના અડગ વિશ્વાસનો પુરાવો છે.

ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં અને ડેરીના તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોની હાજરીમાં આ પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ. જેઠાભાઈ ભરવાડ સિવાય અન્ય કોઈએ ઉમેદવારી ફોર્મ ભર્યું ન હતું, જેના કારણે તેમની બિનહરીફ વરણીની જાહેરાત કરવામાં આવી. આ સમાચાર સાંભળતાં ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ અને પશુપાલકોમાં ખુશીનો વાતાવરણ ફરી વળ્યો. તેમણે ફટાકડા ફોડીને અને એકબીજાને મીઠાઈ ખવડાવીને આ જીતની ઉજવણી કરી, જે તેમની લોકપ્રિયતાનું જીવંત ચિત્ર રજૂ કરે છે.તેમના નેતૃત્વમાં ડેરીએ પશુપાલકોના હિત માટે અનેક નવી યોજનાઓ અમલમાં મૂકી છે, જેનાથી તેમની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. ડેરીનો વ્યાપ, ઉત્પાદન અને પશુપાલકોની સંખ્યા પણ સતત વધી છે, હાલમાં તે બે લાખથી વધુ પશુપાલકોને જોડે છે.

## જામનગરમાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલી ૫ મહિલાઓ ઝડપાઈ


। પ્રતિનિધિ, જામનગર, તા.૨૨ ।

જામનગર શહેરમાં રાંદલ નગર વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી પાંચ મહિલાઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે. જામનગરના સીટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. એમ. વી.મોઢવાડિયા ઉપરાંત અન્ય પોલીસ સ્ટાફ અને હનુમાન ગેઈટ પોલીસ ચોકીના મહિલા પોલીસ કોન્સ્ટેબલ કોમલબેન ચૌહાણ વગેરેએ રાંદલનગર વિસ્તારમાં જુગાર અંગે દરોડો પાડ્યો હતો. જે દરમિયાન પાંચ મહિલાઓ ગંજીપાના વડે જુગાર રમતાં મળી આવી હતી. આથી પોલીસે ગંજીપાના વડે જુગાર રમી રહેલી શાંતુભા ગિરૂભા જાડેજા, કૈલાશબા દાદુભા ચૌહાણ, સાવિત્રીબા રણુભા વાઘેલા, મનહરબા ચંદુભા જેઠવા, અને જનકબા હિતેન્દ્રસિંહ જેઠવા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે. જામનગર શહેરમાં રાંદલ નગર વિસ્તારમાં ગઈકાલે પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો.

## લકઝરી બસમાં ઓવરલોડ સામાનના કારણે ઝાડની ડાળી તૂટીને યુવકના માથા પર પડતા મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

શહેરના નમસ્તે સર્કલ ખાતે લકઝરી ચાલકની બેદરકારીએ એક નિર્દોષ યુવકનો જીવ લીધો છે. નમસ્તે સર્કલ ખાતે લકઝરી બસમાં ઓવરલોડ સામાન ભર્યો હતો. જે ઝાડની ડાળીઓ સાથે અથડાયો હતો. સામાન અથડાતાની સાથે જ ડાળી તૂટી હતી અને યુવકના માથામાં પડી હતી. ડાળી પડતાની સાથે જ યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. જોકે સારવાર દરમિયાન મોત થતા પોલીસે સઅપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.શહેરના નવા નરોડા વિસ્તારમાં આવેલી વ્રજ ભૂમિ રેસિડેન્સીમાં રહેતા કાંતિભાઈ વણકરે માધવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. કાંતિભાઈ સંયુક્ત પરિવારમાં રહે છે અને સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. જેઓ પત્ની અને દીકરા કિસ્ટન સાથે રહે છે. કિસ્ટન પરિમલ ગાર્ડન પાસે આવેલી એક કંપનીમાં કો-ઓર્ડીનેટર તરીકે નોકરી કરે છે. ગઈકાલે કાંતિભાઈ પત્ની ગીતાબેન સાથે ઘરે હાજર હતા તે વખતે દીકરી ભાવિકાનો ફોન આવ્યો હતો. ભાવિકાએ ફોન પર કાંતિભાઈને માહિતી આપી હતી કે, કિસ્ટનનો નમસ્તે સર્કલ ખાતે અકસ્માત થયો છે અને હાલમાં તે ગંભીર છે. કાંતિભાઈના પત્ની ગીતાબેન સાથે નમસ્તે સર્કલ પહોંચ્યા હતા. જોકે તેમણે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાથી તેઓ હોસ્પિટલ પર પહોંચ્યા હતા. જ્યાં જોતા સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. કિસ્ટન સાડા સાત વાગ્યાની આસપાસ એક્ટિવા લઈને નમસ્તે સર્કલથી મુસાસુહાગ કબ્રસ્તાન તરફ જઈ રહ્યો હતો. ત્યારે ઝાડની ડાળી તેના માથામાં પર પડી હતી. લકઝરી બસમાં ઓવરલોડ સામાન ભર્યો હતો અને સામાન ઝાડની ડાળી સાથે અથડાયો હતો. સામાન અથડાતાની સાથે જ ડાળી તૂટી હતી.




## તંત્રી લેખ...

# ચીનની મોડસ ઓપરેન્ડી

ભારત સાથે લડાખમાં લોહિયાળ જંગ ખેલાયા બાદ ચીનની ખતરનાક વિસ્તારવાદી નીતિ ફરી એકવાર સપાટી પર આવી ગઈ છે. દુનિયાની સામે ચીનની ખતરનાક નિતીનો પર્દાફાશ થયો છે. તેની વિસ્તારવાદી નિતી કેટલાક દેશોમાં જારી રહી છે. ભારતમાં તેને સફળતા મળી રહી નથી. જો કે તે વારંવાર કૃત્યો કરતા રહે છે. વિસ્તારવાદી નિતીને આગળ વધારી દેવા માટે તે ચોક્કસ મોડસ ઓપરેન્ડી ધરાવે છે. જે મુજબ આગળ વધે છે. જેમાં કેટલાક દેશો પહેલાથી જ ફસાઈ ગયા છે. પોતાની ખતરનાક વિસ્તારવાદી નિતી હેઠળ ચીન પડોશી દેશોને જંગી લોન વિકાસના નામે આપે છે અને તેમને ફસાવીને તેમના વિસ્તારો પર કબજો જમાવવા માટે પ્રયાસ કરે છે. તેના આ વલણને અને ઈરાદાને હવે પડોશી દેશો સમજવા લાગ્યા છે અને તેની નીતિથી સાવધાન પણ થઈ રહ્યા છે. જો કે હજુ સુધી ચીને મોટા ભાગના પડોશી દેશો પર પ્રભુત્વ જમાવી લીધુ છે. ચીનનુ વાર્ષિક ઉત્પાદન ભારત કરતા સાત ગણુ વધારે છે અમારા પડોશી દેશોને ઘેરીને તે ભારત પર પ્રભાવ જમાવવાના પ્રયાસમાં રહે છે. અમે આર્થિક રીતે ચીનનો સામનો કરી શકવાની સ્થિતીમાં નથી. અમે ચીનની જેમ પડોશી દેશોની મદદ કરવાની પણ સ્થિતીમાં નથી પરંતુ રાજદ્વારી પ્રયાસો મારફતે ચીનના પ્રભાવમાંથી આ મિત્ર દેશોને બચાવી શકે છે. બીજી બાજુ દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના સંશોધનની બાબત અમારા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. બંગાળના અખાત, હિંદ મહાસાગર અને અરબ સાગરમાં સ્થિત તેલ ભંડારો આપણા દેશની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે નહીં. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધખોળથી અમે અમારી ઉર્જા જરૂરિયાતોને ભવિષ્ય માટે વધુ યોગ્ય બનાવી શકીએ છીએ. તેલ અને ગેસની શોધખોળની સાથે સાથે એક શક્યતા એવી પણ બની શકે છે કે ત્યાં કોઈ નવા પ્રકારના ખનીજ પદાર્થોની શોધ થઈ જાય જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની ટેકનિક પર વધારે વિશ્વાસ જાગે અને બીજા દેશ ભારતીય કંપનીઓને આમંત્રણ આપે. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધને લઈને ચીનની ઉંઘ હવે હરામ થઈ ગઈ છે. ડ્રેગનની બેચેની પણ દેખાવા લાગી ગઈ છે. આ તમામ મુદે ભારતને પીછેહઠ કરવાના બદલે આગળ વધવાની જરૂર છે. અમે આવું કરવામાં સક્ષમ છીએ કારણ કે અમારી પાસે નવી ટેકનોલોજી છે. ભારતીય વૈજ્ઞાનિક ટેકનોલોજીને સતત વિકસીત કરી રહ્યા છે. આ જ કારણસર ચીન અમારી આ નીતિથી ચિંતાતૂર છે અને દક્ષિણ ચીન દરિયા પર પોતાના પ્રભુત્વ સામે ઉભા થઈ રહેલા ખતરાને લઈને પરેશાન છે. આ ચીનની ગભરામણ છે કે તે ભારતને વિયતનામમાં તેલ અને ગેસ ન શોધવાની ચેતવણી આપી રહી છે. જે ચીનના દરિયાઈ હિસ્સા તરીકે બિલકુલ નથી. આ અમારો આંતરરાષ્ટ્રીય અધિકાર છે જેથી અમે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની શોધખોળ પર કામ કરી શકીએ છીએ. અહીં એક બાબત સમજવી પડશે કે કોઈ અમારા જળક્ષેત્રમાં બહાર કોઈ પણ પ્રકારની શોધખોળ કરે તો અમને કોઈ સમસ્યા થવી જોઈએ નહીં.

# હાર્ટ રોગ : તો વોલ્વ બદલવાની જરૂર

હાર્ટના દર્દીમાં મેકેનિકલ વોલ્વની તુલનામાં ટિસ્યુ વોલ્વ વધારે અસરકારક અને લાભદાયક રહ્યા છે. પ્રથમ વખત દેશમાં ટિસ્યુ વોલ્વના રિજલ્ટ પર ૧૦ જુદી જુદી હોસ્પિટલમાં ૧૦૦ દર્દીઓ પર અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. અભ્યાસ બાદ દાવો કરવામાં આવ્યો છે કે કાર્ડિએક સર્જન પરિણામ બાદ કેટલાક તારણ પર પહોંચ્યા છે. ડોક્ટરોનુ કહેવુ છે કે મેકેનિકલ વોલ્વમાં દર્દીને જિન્દગીભર દવા ખાવી પડે છે. પરંતુ ટિસ્યુ વોલ્વમાં છ મહિના બાદ કોઈ પણ પ્રકારની દવા ખાવાની જરૂર પડતી નથી. અભ્યાસથી આ બાબત સાબિત થઈ ગઈ છે કે ટિસ્યુ વોલ્વ ભારતીય દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. પશ્ચિમી દર્દીઓને જેટલો ફાયદો થાય છે તેટલો જ ફાયદો આમાં પણ થઈ રહ્યો છે. અભ્યાસમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલીક વખત બાળપણમાં રીમ્યુટિક ફીવર થઈ જાય છે. આના કારણે જોઈન્ટ અને હાર્ટ વોલ્વ પણ માઠી અસર થાય છે. કેટલીક વખત સમય પર સારવાર ન થવાની સ્થિતીમાં વોલ્વ સંકુચિત થઈ જાય છે. અથવા તો લીક થઈ જાય છે. આવી સ્થિતીમાં પહોંચી ગયા બાદ વોલ્વને બદલી નાંખવાની ફરજ પડે છે. એક મેકેનિકલ જે મેટલ હોય છે અન્ય ટિસ્યુ છે. તે પ્રાણીના ટિસ્યુમાંથી બને છે. તબીબોનુ કહેવુ છે કે મેકેનિકલ વોલ્વની લાઈફ વધારે હોય છે. પરંતુ તેની સાથે સૌથી વધારે મોટી સમસ્યા એ હોય છે કે તેના માટે દર્દીને હમેંશા લોહી પાતલુ કરવા માટે દવા લેવી પડે છે. સાથે સાથે દરેક મહિનામાં ટેસ્ટ કરવાની ફરજ પડે છે. જેથી દર્દીને ખુબ પરેશાની થાય છે. ખાસ કરીને જે દર્દી ગ્રામીણ વિસ્તારમાં અથવા તો દુરગામી વિસ્તારમાં રહે છે તેમને મુશ્કેલી થાય છે. જો આવા દર્દી દવા પર નિર્ભર છે તો સમગ્ર લાઈફ દરમિયાન દવા લઈ શકતા નથી. દર મહિને જરૂરી ટેસ્ટ પણ કરાવી શકતા નથી. તેમની સમસ્યા વધતી જાય છે. ગામ અથવા તો શહેરોમાં બ્લડ ટેસ્ટ રિપોર્ટ ખોટા આપી દેવામાં આવે છે ત્યારે પરેશાની વધી જાય છે. તબીબોએકહ્યુ છે કે ત્યાંના રિપોર્ટને સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર ગણી શકાય નહીં. તબીબો કહે છે કે બીજી પ્રક્રિયા ટિસ્યુ વોલ્વની છે. તે ખુબ સુરક્ષિત છે. સર્જરીના છ મહિના બાદ સુધી દવા લેવાની જરૂર હોય છે. ત્યારબાદ દર્દીને કોઈ પણ પ્રકારની દવાની જરૂર હોતી નથી. સાથે સાથે કોઈ પણ પ્રકારની દર મહિને પોતાના બ્લડની તપાસની જરૂર પણ હોતી નથી. બ્લડ પાતલુ છે કે પછી જાડુ છે તે બાબત જાણવાની પણ જરૂર નથી. જો કે અમારી સામે કેટલાક પડકારો એ હોય છે કે શુ ટિસ્યુ વોલ્વ ભારતીય દર્દી માટે યોગ્ય છે. વિદેશમાં દર્દી પર આને લઈને અભ્યાસની કામગીરી સફળ સાબિત થઈ રહી છે. જેથી ભારતમાં ૧૦ સેન્ટરોમાં અભ્યાસ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.



## આજકાલ

લેખક : દીપક જગતાપ

### અમેરિકાનાં સૌથી ઘાતક વિમાન બી-૨

**હિન્દ મહાસાગરમાં અમેરિકાનાં સૌથી ઘાતક વિમાન બી-૨ની પધરામણી ચીન ફફડી ઉઠ્યું છે. અમેરિકાના આ વિમાનની સૌથી મોટી ખુબી એ છે કે તેને દુશ્મનનું કોઈ પણ રડાર પકડી શકતું નથી.**

# હિંદ મહાસાગરમાં ચીનનો સામનો કરવા માટે અમેરિકાએ ઉતાર્યા બી-૨ ફાઇટર જેટ

**ભારત હિંદ મહાસાગરમાં અમેરિકાનો સૌથી મોટો સાથી દેશ છે અને ચીન સતત ભારત વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યું છે. આમ તો ચીનનાં કોઈપણ દુઃસાહસનો જડબાતોડ જવાબ આપવા માટે ભારત સક્ષમ છે.**

હિન્દ મહાસાગરમાં બી-૨ બોમ્બર (B-2 Bomber)ની તૈનાતી એ જણાવવામાં માટે પૂરતી છે કે ભારત-અમેરિકા હવે મળીને ચીનને પાઠ ભણાવશે. આકાશમાં ઉડતા અમેરિકાના આ બ્રહ્માસ્ત્રની સૌથી મોટી ખુબી એ છે કે તેને દુશ્મનનું કોઈ પણ રડાર પકડી શકતું નથી. એટલે કે જ્યાં પણ જશે ત્યાં ધડાકો કરીને આવશે. તબાહી મચાવીને પરત આવશે. આ વિમાન અમેરિકાના મિઝૌરી એરફોર્સ બેઝથી લગભગ ૨૯ કલાકની મુસાફરી પ છી ડાયગો ગાર્સિયા પહોંચ્યું છે. ત્યારબાદ યુએસ એરફોર્સએ એક નિવેદન બહાર પાડ્યું હતું, '૨૯ કલાકની આ સફર દર્શાવે છે કે યુ.એસ. કોઈપણ સમયે અને ક્યાંય પણ તેના મિત્રો અને સાથીઓને અત્યંત અને લાંબા અંતર પર હુમલો કરવામાં મદદ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. ભારત હિંદ મહાસાગરમાં અમેરિકાનો સૌથી મોટો સાથી દેશ છે અને ચીન સતત ભારત વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યું છે. આમ તો ચીનનાં કોઈપણ દુઃસાહસનો જડબાતોડ જવાબ આપવા માટે ભારત સક્ષમ છે, તેમ છતાં વિશ્વના સૌથી ભયંકર બોમ્બર વિમાનની હાજરીથી ચીન પર દબાણ વધશે. એટલે કે કોઈ પણ ચાલાકી ચીનને બહું ભારે હશે. ખાસ કરીને જ્યારે મોદી-ટ્રમ્પ વચ્ચેની મિત્રતા ચીનનાં દરેક ષડયંત્ર પર નજર રાખી રહી છે. લદાખમાં ચીને જે દુઃસાહસ કરાયુ છે, તેવી હવે કોઈ પણ હરકત જો તેણે કરી તો ચીનને આગળ પણ જડબાતોડ જવાબ મળશે. કારણ કે હિન્દ મહાસાગરમાં અમેરિકાનાં સૌથી ઘાતક વિમાન બી-૨ની પધરામણી થઈ ગઈ છે. જેની તૈનાતી માત્રથી ચીન ફફડી ઉઠ્યું છે. ચીનની હરકતોથી ઘણા દેશો ખુબજ રોષે ભરાયેલા છે.





આવા સંજોગોમાં અમેરિકા પણ તેને જબડાતોડ જવાબ આપવા માટે તૈયાર છે. અમેરિકાની આ તૈયારી જોઈને સમજી શકાય છે કે ભારત-અમેરિકા હવે મળીને ચીનને પાઠ ભણાવશે. રક્ષા વિશેષજ્ઞોનું માનવું છે કે B-૨ સ્પ્રિન્ટ દુનિયાનું સૌથી ઘાતક બોમ્બર છે. આ વિમાન એક સાથે ૧૬ B૬૧-૭ પરમાણુ બોમ્બ લઈ જઈ શકે છે. તે પરમાણુ રડારની પકડમાં નથી આવતું અને ચોરીછૂપી હુમલાને અંજામ આપ વામાં સક્ષમ છે. આટલું જ નહીં દુશ્મનના એર ડિફેન્સને છેતરીને સરળતાથી તેના વિસ્તારમાં ઘુસી જાય છે. આ બોમ્બર પર એક હજાર કિલોના બોમ્બ તૈનાત કરી શકાય છે. તે દુશ્મનની જમીન પર હુમલો કરવામાં સૌથી મહત્વપૂર્ણ મનાય છે. વર્ષ ૧૯૯૭માં એક B-૨ સ્પ્રિટ બોમ્બરની કિંમત ૨.૧ અબજ ડોલર હતી. અમેરિકા પાસે કુલ ૨૦ B-૨ સ્પ્રિટ બોમ્બર છે. આ બોમ્બર ૫૦ હજાર ફૂટની ઉંચાઈ પર ઉડાણ ભરતા ૧૧ હજાર કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે. એકવાર રિફ્યૂઅલ કરવા પર તે ૧૯ હજાર કિલોમીટર સુધી હુમલો કરી શકે છે.

અમેરિકી મીડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ડ્રેગનને આકરો સંદેશ આપવા માટે અમેરિકા ભારત-ચીન સરહદે પોતાના ઘાતક પરમાણું બોમ્બર્સ ૃ-૨ સ્પ્રિંટને ઉડાન ભરાવી શકે છે. અમેરિકાના આ બોમ્બર્સ એક સાથે જ ૧૬ પરમાણું બોમ્બ લઈ જવા સક્ષમ છે. આ બોમ્બર્સને દુનિયાના સૌથી આધુનિક બોમ્બર્સ માનવામાં આવે છે. આ પ્લેન ટૂંક સમયમાં ભારતીય વાયુસેનાની સાથે ફ્લાઈ ઓવર મિશન, યુદ્ધની તૈયારીઓ અને સંયુક્ત યુદ્ધ રણનીતિ બનાવવાના અભિયાનમાં સામેલ થઈ શકે છે. અમેરિકન પત્રિકા ધ નેશનલ ઈન્ટરેસ્ટ મુજબ, ભારત-અમેરિકાના આ સંયુક્ત સૈન્ય અભ્યાસને ભારત-ચીન સરહદ પર જ અંજામ આપવાની તૈયારીઓ ચાલી રહી છે. ભારત પ્રત્યે દોસ્તી વ્યક્ત કરવાની સાથોસાથ અમેરિકા ચીનના એર ડિફેન્સ સિસ્ટમને પણ નજીકથી પરખવા માંગે છે.



### ઉપયોગી સલાહ : મુલ્ય વધારો થાય તેવી સંપત્તિમાં રોકાણ ઉપયોગી

**પ્રોપર્ટી અથવા તો સંપત્તિના ભાડાની રકમ હવે ખુબ ઓછી થઇ ચુકી છે કારણ કે જમીનની વધતી જતી કિંમતોના કારણે રોકાણની રકમ પણ વધી ગઇ છે મકાન ભાડામાં લેવાના બદલે આટલી જ કિંમતમાં સ્ટોક અથવા તો બોન્ડથી મળનાર લાભ વધારે રહે છે**

# પ્રોપર્ટીમાં રોકાણ મદદરૂપ બની શકે

**રિયલ એસ્ટેટમાં જમીનમાં કરવામાં આવેલા રોકાણ લાંબા ગાળા બાળકોના લગ્નમાં પણ કામ લાગે છે : રોકાણને લઇને હજુ પણ દુવિધા**

જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ રિયલ એસ્ટેટમાં મુડીરોકાણ કરવાની બાબત એક સારા વિકલ્પ તરીકે દેખાય છે. એટલે કે જ્યારે અમે કેરિયરની શરૂઆત કરીએ છીએ તેની સરખામણીમાં સેવાનિવૃતિના સમયમાં રોકાણ કરવા માટે રિયલ એસ્ટેટ અપેક્ષા કરતા વધારે આદર્શ દેખાય છે. જ્યારે નિયમિત આવકમાં સ્થિતરતા ન રહે ત્યારે સ્ટોકમાં રોકાણ કરવાની બાબત એક ખતરનાક પહેલ તરીકે રહી શકે છે. પરંતુ જો નિયમિત આવક થઈ રહી છે તો શેરબજારમાં પણ રોકાણ કરવામાં આવી શકે છે. પ્રોપર્ટી અથવા તો સંપત્તિના ભાડાની રકમ હવે ખુબ ઓછી થઈ ચુકી છે. કારણ કે જમીનની વધતી જતી કિંમતોના કારણે રોકાણની રકમ પણ વધી ગઈ છે. મકાન ભાડામાં લેવાના બદલે આટલી જ કિંમતમાં સ્ટોક અથવા તો બોન્ડથી મળનાર લાભ વધારે રહે છે. આવી સ્થિતીમાં પ્રશ્ન એ થાય છે કે પ્રોપર્ટીમાં રોકાણ શા સામે કરવામાં આવે. જ્યારે અન્ય કોઈ ક્ષેત્રે રોકાણ વધારે રહે છે તો પ્રોપર્ટીમાં રોકાણ કેમ કરવામાં આવે તે ઉપયોગી બાબત રહેલી છે. માનવામાં આવે છે કે સેવાનિવૃતિની સાથે જ નિયમિત આવક ઘટી જાય છે અથવા તો બંધ થઈ જાય છે. આવી સ્થિતીમાં લોકો સ્ટોક માર્કેટ જેવા ભારે ઉતારચઢાવ ધરાવતા જોખમવાળા રોકાણથી દુર જવા લાગી જાય છે. ત્યારબાદ રોકાણ માટે સૌથી ઉપયોગી બાબત નિયમિત રીતે માસિક આવક બની જાય છે. માસિક આવકવાળી જમા રકમ ખુબ ઉપયોગી બને છે. બેંક જમાથી સ્થાયી આવક તો થાય છે પરંતુ તેના સીધા સંબંધ ફુગાવાની સાથે જોડાયેલા રહે છે. જ્યારે ભાડામાં વધારાની સાથે સાથે આવકમાં ઓછામાં ઓછી આંશિક વધારો તો થાય છે. અલબત્ત વર્તમાન દોરમાં રોકાણના હસ્તાંતરણ થવાની બાબત ઉપયોગી રહે છે. આનો અર્થ એ થયો કે ભૌતિક સંપત્તિની જગ્યાએ નાણાંકીય સંપત્તિ હાથમાં હોવાની બાબત વધારે શાનદાર ગણવામાં આવે છે. એવુ બની શકે છે કે કેટલીક નોકરી એવી હોય છે જેમાં વારંવાર બદલી કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સેવાનિવૃતિના સમયમાં રોકાણ ટ્રાન્સફર માટેની બાબત કોઈ મોટી સમસ્યા તરીકે રહેતી નથી. બીજી બાજુ સેવા નિવૃતિના સમય પર એક મોટી સંપત્તિના બદલે બે નાની નાની સંપત્તિ ખરીદવામાં આવે છે તો વધારે ફાયદો રહે છે. આના કારણે ભાડાના કારણે થનાર આવકમાં પણ વધારો થાય છે.



જો કે સારી બાબત એ છે કે પ્રોપર્ટી એવી ખરીદવી જોઇએ જેના કારણે ચારેબાજુ બાઉન્ડ્રી બનાવી શકાય. સાથે સાથે પ્રોપર્ટીને લોક કરી શકાય તે પ્રકારની રહે તે જરૂરી છે. સંપત્તિ એવી લેવી જોઇએ જેના પર કોઈ અતિક્રમણ થઈ શકે નહીં. આ તમામ બાબતોનો અર્થ એ બિલકુલ નથી કે નોકરીમાં રહેતી વેળા પ્રોપર્ટીમાં રોકાણ કરવુ જોઈએ નહીં. નોકીરના ગાળા દરમિયાન નિયમિત ભાડા અને આવક આવકની સરખામણમાં મુલ્યમાં વધારો કરનાર પ્રોપર્ટીમાં રોકાણ કરવાની બાબત આદર્શ રહે છે. રોકાણ એવા જગ્યાએ કરવાની હોય છે જ્યાંથી નિયમિત આવક મળી શકે. સાથે સાથે તેમાં વધારો પણ થઈ શકે. જાણકાર લોકો કહે છે કે રિયલ એસ્ટેટમાં જમીનમાં કરવામાં આવેલા રોકાણને આગળ ચાલીને સંતાનના લગ્ન વેળા કામ લાગે છે. પરંતુ આ પૈસા રોકડ જરૂરિયાતોને પૂર્ણ કરવા સાથે સંબંધિત રહે તે જરૂરી છે. જીવનના કોઈ લક્ષ્યની પ્રાપ્તિ માટે સીધા ઉપયોગ કરવાની બાબત ન રહે તે જરૂરી છે. કારણ કે એવુ બની શકે કે જરૂરના સમય પર કોઈ રોકાણને રોકડ રકમમાં ફેરવી નાંખવામાં સફળતા ન મળે કારણ કે તમામ લોકો સારી રીતે જાણે છે કે જમીન અને મકાન એવી ચીજો છે અને સંપત્તિ છે જેમાં તરત નાણાં મળી જતા નથી. સવાલ એ થાય છે કે શુ કેરિયરની શરૂઆતમાં પોતાનુ મકાન લઈ લેવુ જોઈએ. આનો સીધો સંબંધ ભાવનાત્મક જરૂરિયાતો સાથે છે. આનો ફાયદો એ છે કે તમે તમારા મકાનમાં આનંદથી રહી શકો છો. બાબત એ છે કે તમે તમારી ભાવિ મુડીને નાણાંમાં ફેરવી રહ્યા છો.

# ઇન્ટરનેટ પ્રયોગ કરવાના મામલે ભારત ચીન બાદ બીજા સ્થાને હોવા છતાં ભારતમાં હાલ ૩૬ ટકા ક્ષેત્રમાં જ ઇન્ટરનેટ સંપર્ક છે

દેશમાં હાલમાં ૪૫.૧ કરોડ સક્રિય ઈન્ટરનેટ યુઝરો રહેલા છે. જે પૈકી ૬૭ ટકા પુરૂષો રહેલા છે. હાલમાં જ કરવામાં આવેલા નવા રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નેટનો ઉપયોગ કરવાના મામલે બાળકો પણ પાછળ રહ્યા નથી. ઈન્ડિયા ઈન્ટરનેટના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યામાં હજુ પણ વધારો થઈ રહ્યો છે.

દેશના જુદા જુદા રાજ્યોમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધી રહી છે. આના માટે કેટલાક કારણોને જવાબદાર ગણવામાં આવે છે. દેશના જુદા જુદા રાજ્યોમં ઈન્ટરનેટ પહોંચની વાત કરવામાં આવે તો દિલ્હીમાં સંખ્યા વધારે છે. દિલ્હીમાં આ આંકડો ૬૯ ટકાની આસપાસ છે. એટલે કે ૬૯ ટકા જેટલા લોકો દિલ્હીમાં ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે. ત્યારબાદ કેરળ, જમ્મુ કાશ્મીર, પંજાબ, હરિયાણાનો સમાવેશ થાય છે. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મહિના ભર ઈન્ટરનેટ સાથે સક્રિય રહેનાર લોકોનો આંકડો હજુ પણ વધી રહ્યો છે. ઈન્ડિયા ઈન્ટરનેટના ટાઈટલ સાથે પ્રકાશિત કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈન્ટરનેટના પ્રયોગ કરવાના મામલામાં ભારત હવે ચીન બાદ સમગ્ર દુનિયામાં બીજા સ્થાન પર છે.

જો કે એક બાબત આ પણ છે કે ભારતમાં હજુ પણ માત્ર ૩૬ ટકા ક્ષેત્રમાં જ ઈન્ટરનેટનુ નેટવર્ક ગોઠવાયુ છે. સૌથી વધારે ઈન્ટરનેટ યુઝરોની વાત કરવામાં આવે તો આંકડો દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વધારે છે. મુંબઈમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૧.૧૭ કરોડની આસપાસ પહોંચી ગઈ છે. જ્યારે દિલ્હીમાં આ આંકડો ૧.૧૨ કરોડની



આસપાસનો છે. બેંગલોર અને કોલકત્તામાં પણ આ આંકડો ખુબ વધારે છે. ચેન્નાઈમાં આ આંકડો ૫૪ લાખની આસપાસનો છે. યુઝરોની વાત કરવામાં આવે તો શહેરી ક્ષેત્રોમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધારે છે. મોબાઈલ ઈન્ટરનેટ પર રહેતા યુવા લોકોની સંખ્યામાં વધારો થવા માટે અનેક પ્રકારના કારણો દેખાઈ રહ્યા છે. આના માટે એક કારણ એ પણ છે કે સસ્તામાં ડેટા ઉપલબ્ધ બને છે.હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આંકડાની વાત કરવામાં આવે તો શહેરી ભારતમાં ઈન્ટરનેટ .યુઝરોની સંખ્યા ૧૯૨ મિલિયન જેટલી રહેલી છે. જ્યારે ગ્રામીણ ભારતમાં આવા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા પણ હાલના વર્ષોમાં રેકોર્ગ ગતિથી વધી રહી છે. આના માટે તમામ પ્રકારની સુવિધા મહત્વપૂર્ણ રોલ અદા કરે છે. જાણકાર લોકો કહે છે કે ભારતમાં જે ઈન્ટરનેટ યુઝરો રહેલા છે તે પૈકી એક તૃતિયાંશ જેટલા યુઝરો શહેરી ભારતમાં એક કલાક કરતા વધારે સમયનો સરેરાશ આમાં ઉપયોગ કરે છે. ભારતમાં ઈન્ટરનેટનો ક્રેઝ હાલના વર્ષોમાં વધ્યો છે. રિપોર્ટ મુજબ ભારતમાં જે ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા છે તે પૈકી બે તૃતિયાંશ સંખ્યા ડેલી યુઝરો તરીકે રહેલા છે. ગ્રામીણ ભારતની વાત કરવામાં આવે તો સરેરાશ ગ્રામ્ય વ્યક્તિ ૧૫-૩૦ મિનિટ સુધી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગ્રામીણ વિસ્તારોમાં હવે પહેલા જેવી સ્થિતી રહી નથી. તમામ ક્ષેત્રોમાં સુધારો થઈ રહ્યો છે. સારી કનેક્ટિવિટી, ક્વાલિટી ઓફ સર્વિસ અને મોબાઈલ ઈન્ટરનેટ સરળ રીતે ઉપલબ્ધ બને છે જેના કારણે ફાયદો થઈ રહ્યો છે. રિપોર્ટમાં એમ પણઁ કહેવામાં આવ્યુ છે કે ભવિષ્યમાં ભારતમાં ગ્રામીણ લોકો ઈન્ટરનેટનો વધારે ઉપયોગ કરનાર છે. ગ્રામીણ ભારતમાં મહિલાઓ અને પુરૂષો વચ્ચે ઈન્ટરનેટ યુઝરોની સંખ્યામાં વ્યપાક અંતરની સ્થિતીને જોઈ શકાય છે. ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ મહિલા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા પુરૂષ નેટ યુઝરોની તુલનામાં ઓછી છે. મહિલા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધારે ક્યાં છે તેવા સવાલના જવામાં રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કેરળ, દિલ્હી, તમિળનાડુમાં મહિલા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધારે છે. ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા આવનાર વર્ષોમાં ચીનના આંકડા સુધી પહોંચી શકે છે. કેટલાક આર્થિક નિષ્ણાંતો આ દાવા મજબુતી સાથે કરે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# ભારતીય નેવી ૪ વિશાળ એમ્ફીબિયસ યુદ્ધ જહાજ ખરીદવાની તૈયારીમાં

। તિરુવનંતપુરમ, તા.૧૮ ।

